## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ઘણા વખતે હું મારી પાર્ટીનાં સ્નેહ સંમેલનમાં ગયો હતો... ત્યા મારા સહકાર્યકરો એ અનન્ય સ્નેહ વરસાવ્યો... એક્સીડંન્ટ તો મને ન થાય...!!!



ચીલોડા માર્કેટ યાર્ડમાં ડાંગર ની મબલક આવકથી બજાર ધમધમી ઉઠ્યું એક મણ નો ભાવ ૩૬૫થી વધુ મળતા ખેડુતોમાં રાહત

# પીંપળજની પ્રાથમિક શાળાના સ્ટોર રૂમમાં આગ લાગી : સમાન બળીને રાખ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના પીંપળજ ગામની પ્રાથમિક શાળાના સ્ટોરરૂમમાં અચાનક આગ લાગી હતી. જો કે સ્ટોર રૂમમાં રહેલા બંધ ડેશબોર્ડ, જુના કુલર, જુનો રેકોર્ડ સહિતની ચીજવસ્તુઓ બળીને રાખ થઈ ગઈ હતી.

જો કે આગ કયાં કારણોસર લાગી તે જાણી શકાયું નથી. પરંતુ આગ લાગી તે રૂમમાં વાઈરીંગ ન હોવાનું જાણવા મળ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પીંપળજ ગામની પ્રાથમિક શાળાના સ્ટોર રૂમમાંથી અચાનક ધુમાડા બહાર આવતા જોવા મળ્યા હતા. ગામના નાગરીકને ધુમાડા નજરે પડતા તાત્કાલીક શાળાએ દોડી પહોચ્યા હતા.

આગ અંગે ગાંધીનગર ફાયર ટીમને જાણ કરતા ફાયર જવાનોની ટીમ પીંપળજ ખાતે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે આગના



બનાવને પગલે ગ્રામજનો પણ મોટીસંખ્યામાં દોડી પહોંચ્યા હતા. જયારે આગની ઝપટમાં જુના કુલર, જુની ખુરશી-ટેબલ, ડેશબોર્ડ, પતરા, જુના રેકર્ડ તેમજ ફર્નિચર સહિતનો સામાન આવી ગયો હતો.

જો કે શાળામાં વિદ્યાર્થીઓ નહી હોવાથી કોઈ જાનહાની થવા પામી ન હતી. જયારે શાળાના સ્ટોર રૂમમાં આગ ભભુકી ઉઠી હતી તે રૂમમાં વાયરીંગ જ નથી. જેથી આગ કયા કારણોસર લાગી તે શોધવુ પણ મુશ્કેલીરૂપ સાબિત થયુ છે.

શાળાના સ્ટાફના કર્મચારીઓ પણ આગના બનાવને લઈ તાત્કાલીક દોડી આવ્યા હતા.

જયારે આગ પર કાબુ મેળવવાનો પ્રયત્ન ગ્રામજનો દ્વારા પણ કરવામાં આવ્યો હતો. જયારે ધુમાડાના ગોટેગોટા દુર દુર સુધી દેખાતા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે દિવસમાં ૨૩૦૦થી વધુ વાહનોની ચકાસણી સ્ટેટીક સર્વેલન્સ ટીમો દ્વારા કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો ૩૬ ડિગ્રીએ પહોંચ્યો હતો.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨ અને શહેરમાં ૨૨ લોકોને કોરોના પ્રિકોશન ડોઝ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા. વેક્સિનેશન અભિયાન ધીમુ પડી રહ્યુ હોવાથી તંત્રની ચિંતા વધી છે.
- ગાંધીનગરમાં ચ રોડ બંધ કરાતાં સે. ૭ના આંતરિક માર્ગો પર તેમજ ઘ-રોડ પર ટ્રાફિકનું ભારણ વધ્યુ છે.
- અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા શિક્ષકોને એવોર્ડ આપવા માટે અરજીઓ માંગવામાં આવી છે.
- વોટોત્સવ નાયક એક વિડીયો ગાઈડ સોશ્યલ મિડિયામાં ફરી રહી છે. ૨૦૧૯માં આ વિડીયો ગાઈડ બનાવવામાં આવી હતી.
- આજે દહેગામ તાલુકાના પાસુન્દ્રા ગામે સમતા એજ્યુકેશન દ્વારા કન્યા વિદ્યાલય (હોસ્ટલ સાથે) તેમજ હોસ્પિટલ ભૂમિપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.
- આજે સરઢવ પ્રગતિ મંડળ અમદાવાદ-ગાંધીનગરનો વાર્ષિકોત્સવ ઉમિયાધામ જાસપુર (અમદાવાદ) ખાતે યોજાશે.
- નાસ્મેદ-સાંતેજ રોડ બિસ્માર બન્યો છે અને તંત્ર દ્વારા કરાતા આંખ આડા કાનને લઈ ગ્રામ્ય વિસ્તારમાં રોષની લાગણી જન્મી છે.
- સે. ૩માં ગટરની સમસ્યા વિકરાળ બની છે હવે ગટરના પાણી બેક મારતાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ જતાં સેક્ટરવાસીઓ પરેશાન થઈ ગયા છે.
- કલોલ જાયન્ટસ ગૃપ દ્વારા ગોપાલનગર (બોરીસણા) પ્રા. શાળાના બાળકોનો શૈક્ષણિક પ્રવાસ કરાવવામાં આવ્યો હતો.

# દહેગામમાં મહિલા મોરચાએ મતદારોના સૂચનો મેળવી પ્રચારના શ્રી ગણેશ કર્યા




ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ચુંટણીના દુદુંભિ વાગી ચુક્યાં છે અને ચુંટણી ટાણે રાજકીય પક્ષો દ્વારા વિવિધ રીતે મતદારોનું મન કળવા પ્રયાસ હાથ ધરવામાં આવતા હોય છે.

આખા દેશના નાગરિકો સાથે "મન કી બાત" કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત વિધાનસભાની ચુંટણી લડી રહેલી ભારતીય જનતા પાર્ટીએ તેનો સંકલ્પ પત્ર જાહેર કરતા અગાઉ મતદારો પાસેથી તેમની અપેક્ષાઓ અને સૂચનો જાણવા પ્રયાસ હાથ ધર્યો છે જેમાં "અગ્રેસર ગુજરાત" અભિયાન અંતર્ગત નાગરિકોને ભાજપના સંકલ્પ પત્રમાં શું હોવું જોઈએ તે અંગે તેમના અભિપ્રાય આપવા આહવાન કર્યુ છે. ગાંધીનગર જિલ્લાના દહેગામ બેઠકના ઉમેદવાર જાહેર થઈ ગયાં હોવાથી ત્યાં પ્રચારના શ્રી ગણેશ કરી દેવાયાં છે

અને તે અંતર્ગત દહેગામ ભાજપના મહિલા મોરચાના મહામંત્રી દર્શનબા રાજપૂતે ઉમેદવાર બલરાજસિંહ ચૌહાણના માર્ગદર્શનમાં મોરચો સંભાળી લીધો છે.

વિધાનસભાની આગામી ચૂંટણી પહેલા દહેગામની જનતાનો મહત્વપૂર્ણ અભિપ્રાય લેવાના હેતુ સાથે આજે "અગ્રેસર ગુજરાત" અંતર્ગત શહેર મહિલા મોરચાના મહામંત્રી દર્શનબા રાજપૂતે દહેગામ બસ સ્ટેન્ડમાં અવરજવર કરતી જનતા તથા દહેગામ શહેરના વોર્ડ નં.૭માં વિવિધ સ્થળે ફરીને જનતાના બહુમૂલ્ય સૂચનો મેળવ્યા હતા.

# શિયાવાળા ગામ પાસે આઈ-૨૦માંથી વિદેશી દારૂની ૯૬૦ બોટલ મળી




ગાંધીનગર, તા.૧૨

હાલ ગાંધીનગર જિલ્લામાં પ્રોહિબિશનની ડ્રાઈવ ચાલી રહી છે. જેને પગલે રખિયાલ પોલીસ મથક વિસ્તારમાં હીરા તળાવ ચોકડી નજીક રોડ ઉપર ફિલ્મીઢબે આઈ-૨૦ કારમાંથી ભારતીય બનાવટની વિદેશી દારુની બોટલ નંગ-૯૬૦ કિં.રૂ.૧,૪૨,૪૪૦ તેમજ કાર મળી કુલ રૂ.૫, ૯૭, ૪૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી આંતરરાજ્ય દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે.

જયારે કાર મુકી ચાલક અંધારાનો લાભ લઈ નાસી છુટ્યો છે. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પોલીસની વિવિધ ટીમો શહેરના પ્રવેશદ્વારો પર વાહન ચેકીંગની તેમજ ગેરકાયદેસર દારૂની હેરાફેરી રોકવા માટે ટેકનીકલ તેમજ હ્યુમન સોર્સ થી માહિતી એકઠી કરી રાત્રીના સમયે નાકાબંધી કરી વોચમાં રહેવાની કામગીરીમાં સતત કાર્યરત છે. ત્યારે આજે વહેલી સવારે રખીયાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી ડ્રાઈવમાં નીકળેલી પોલીસને બાતમી મળી હતી કે એક સફેદ કલરની આઈ-૨૦ કાર વિદેશી દારુ ભરી તેનપુરથી દહેગામ તરફ જવાની છે. જેથી પોલીસે દહેગામ થી તેનપુર માર્ગ પર કડજોદરા પાસે નાકાબંધી ગોઠવી હતી અને પોલીસ વોચમાં હતી.

પરંતુ બાતમીવાળી કારના ચાલકે ગાડી ઉભી રાખી ન હતી અને ફુલ સ્પીડે હંકારી દીધી હતી. ત્યારે પોલીસે પણ દારૂ ભરીને જઈ રહેલી કારનો ફિલ્મી ઢબે પીછો કર્યો હતો. ત્યારે આઈ-૨૦ કારના ચાલકે શિયાવાળા ગામ તરફ જવાના માર્ગ પર સિમેન્ટના થાંભલા સાથે અથડાવી કાર ચાલક નાસી ગયો હતો. ત્યારબાદ પોલીસે ગાડીમાં તપાસ કરતા બિયરના ટીન તેમજ દારૂની નાની મોટી બોટલ મળી કુલ નંગ-૯૬૦નો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વિદેશી દારુની બોટલ નંગ-૯૬૦ કિં. રૂ. ૧.૪૨ લાખ, મોબાઈલ નંગ-૧ કિં.રૂ.૫ હજાર આઈ-૨૦ કાર કિં૪.૫૦ લાખ મળીકુલ રૂ.૫.૯૭,૪૪૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે દારુ કબ્જે કરી કાર નં.જી.જે.૨૭.બી.ઈ.-૮૪૭૮ ના ચાલક સામે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડે કેર કિમોથેરાપી સેન્ટરનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં કિમોથેરાપી સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ૩૩ જિલ્લામાં આ સેન્ટરની શરુઆત કરવામાં આવી છે. ત્યારે આ ડે કેર કિમોથેરાપીને સેટેલાઈટ સેન્ટર નામ પણ આપવામાં આવ્યું છે. આ સેન્ટર માટે અલગ સ્ટાફની પણ વ્યવસ્થા કરવામાં આવશે.જયારે સ્ટાફને જરુરી ટ્રેનીગ પણ આપવામાં આવશે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કેન્સરના દર્દીઓને અમદાવાદ સુધી કિમોથેરાપી લેવા માટે જવુ પડશે નહી.ગાંધીનગર સિવિલમાં જ કિમોથેરાપી આપવામાં આવશે.તેને માટે જીસીઈ દ્વારા દર્દીની ડાયરીમાં સંપૂર્ણ વિગત લખવામાં આવશે.જેમાં તેને જરુરી દવા તેમજ કિમોથેરાપીની વિગત પણ લખવામાં આવશે. કેન્સર પિડીત દર્દીઓને કિમોથેરાપી તેમના નિયત કરેલા સમય પ્રમાણે આપવામાં આવશે. હાલ આ સેન્ટર ગાંધીનગર સિવિલમાં તાત્કાલીક વિભાગમાં શરુ થયુ છે. હાલ તો જો કોઈ દર્દી કિમોથેરાપી માટે આવ્યા હોય તેમ લાગી રહ્યું નથી. જયારે જિલ્લાના કેન્સરના દર્દીઓને જિલ્લા હોસ્પિટલમાં જ કિમોથેરાપી મળે તેવી સુવિધા ઉભી કરાઈ છે.જેથી દર્દીઓને કેન્સર હોસ્પિટલ અમદાવાદ સુધી જવુ પડતુ હતું તેમાં રાહત મળી રહેશે. પરંતુ સિવિલમાં દર્દીઓને મળતી આરોગ્ય લક્ષી સેવામાં વધુ એક સેવાનો ઉમેરો થયો છે.



મધ્યપ્રદેશથી સાયકલ લઈને ભારત ભ્રમણ કરવા નીકળેલી દીકરી ગાંધીનગર આવી પહોંચી હતી. ગાંધીનગરમાં રોકાણ દરમ્યાન તેણે વિવિધ મહાનુભાવો સાથે મુલાકાત યોજી હતી.

# ચ-૨ થી ૭-૮ નો માર્ગ બંધ થતા ઘ માર્ગ પર વાહનોનું ભારણ વધ્યું

### ઘ-૩ સર્કલ પર સવાર-સાંજ વાહનનો ખડકલો સર્જાય છે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં હાલ મેટ્રો રેલની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.ત્યારે ચ-૨ થી ૭-૮ પાસે મેટ્રો સ્ટેશનની કામગીરી ચાલુ હોવાથી ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવ્યો છે. જેને પગલે ઓફિસ ટાઈમે ઘ-૩ સર્કલ અડધો કિલોમીટર સુધી ગાડીઓની લાંબી લાઈનો લાગે છે.જયારે વાહનચાલકોને સવાર-સાંજ સર્કલ પસાર થતા ૫ થી વધુ મિનીટનો સમય થાય છે. જયારે ઘ માર્ગ પર વાહનોનું ભારણ વધતા દિવસ દરમિયાન પણ સતત ટ્રાફિક જોવા મળે છે.

ગાંધીનગર શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર વાહનોની અવરજવર સૌથી વધુ હોય છે. ત્યારે શહેરમાં હાલ મેટ્રોની ચાલી રહેલી કામગીરીને પગલે ૭-૮ થી ચ-૨ તરફ જવાનો માર્ગ બંધ કરી દેવામાં આવ્યો છે. જેથી વાહનચાલકો સેકટર-૭ માંથી પસાર થઈ ચ-૨ તરફ જતા હોય છે. જેથી સેકટર-૭ પણ રાત દિવસે વાહનોની અવર-જવર થી ધમધમતુ હોય છે. જયારે હાલ માર્ગબંધ હોવાથી સરકારી કચેરીના મોટાભાગના અધિકારી-કર્મચારીઓ પણ અમદાવાદ જવા ઘ માર્ગ નો ઉપયોગ કરતા હોવાથી કચેરીના ટાઈમે ઘ-૩ અને ચ-૩ સર્કલ સહિતના સર્કલો પર વાહનોની લાંબી કતારો જોવા મળે છે. એક એક સર્કલ પસાર થતા વાહન ચાલકોને પાંચ મીનીટથી વધુ સમય થાય છે. જયારે ડાબી સાઈડ તરફ જવા માટે પણ જગ્યા ન હોવાથી વાહન ચાલકોને ઉભા રહેવાનો વારો આવે છે. જયારે પોલીસ કર્મચારીઓ પણ ટ્રાફિક જામનો નજારો જોઈ રહ્યા હોય છે. ત્યારે હાલના સમયે શહેરના મુખ્ય રાજ માર્ગ ગણાતા ઘ માર્ગ પર વાહનોનું ભારણ ઘટતા ટ્રાફિક જામ સહિતની સમસ્યાઓનો વાહનચાલકોએ સામનો કરવો પડે છે.

# સરકારી કચેરીઓમાં સાફ-સફાઈના નામે મીંડુ

### પાર્કીંગના બેઝમેન્ટમાં ગટરના પાણી અને ગંદકીનો ભરાવો છતાં કોઈ જ સફાઈ થઈ રહી નથી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સરકારી કચેરીઓનું હબ ગણાય છે. વર્ગ-૧ થી વર્ગ-૪ તમામ વર્ગના કર્મચારીઓ સરકારી કચેરીઓમાં કાર્યરત હોય છે. જેમાં નવા સંકુલોમાં સ્વચ્છતાનું વાતારણ અને જુના સંકુલોનું વાતાવરણ જમીન-આસમાનનો તફાવત જોવા મળી રહ્યો છે. સાફ-સફાઈનો અભાવ, ગંદકીનું વાતાવરણ, દુર્ગંધની સમસ્યાઓ સરકારી કચેરીઓમાં વધવા પામી છે. મોટાભાગના વોશરૂમમાં ગંદકી અને દુર્ગંધનું વાતાવરણ છે. પાર્કીંગ વ્યવસ્થામાં પણ યોગ્ય વ્યવસ્થા ન હોવાથી લોકો જે તે જગ્યા પર વાહનો પાર્ક કરતા જોવા મળે છે. ત્યારે તાજેતરમાં સેકટર-૧૦ ખાતે કર્મયોગી ભવનમાં ભોંયરામાં પાર્કીંગની જે વ્યવસ્થાઓ કરવામાં આવી છે તે સ્થળ પર એન્ટ્રી પોઈન્ટ પાસે જ ગંદકીના દશ્યો જોવા મળી રહ્યા છે. સાથે જ અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. તેથી વાહન પાર્ક કરતા કર્મચારીઓને અવરજવર વખતે ગંદકી અને દુર્ગંધમાંથી પસાર થવુ પડી રહ્યુ છે. એન્ટ્રી પોઈન્ટમાં જ રહેલી ગંદકીના દશ્યો દરેકની નજરમાં આવી રહ્યા છે તેમ છતાં કોઈ જ સાફ-સફાઈ થઈ રહી નથી. ગટરનું પાણી ઘણા દિવસોથી ભરાઈ રહ્યું છે તેથી અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. આ જોતા બિમારીની ભીતિ પણ સેવાઈ રહી છે. કારણ કે પાર્કીંગમાં ઘણા બધા લોકોની અવરજવર રહેતી હોય છે. પાણી ભરાવાના કારણે મચ્છરોનો ઉપદ્રવ થયો છે. આ ગંદકીના કારણે મચ્છરજન્ય રોગ ફેલાઈ શકે છે. સરકારી કચેરીઓમાં સાફ-સફાઈના કામદારો સવારે કચેરી શરૂ થતા જ સાફ-સફાઈ કરતા જોવા મળે છે, પરંતુ ભોંયરામાં સાફ-સફાઈનો સંપૂર્ણ અભાવ રહ્યો છે. તેથી અસહ્ય દુર્ગંધ અને ગંદકીના દશ્યો સર્જાયા છે. સરકારી કચેરીઓમાં વિકાસના કાર્યો પણ ચાલી રહ્યા છે, જેમાં તાજેતરમાં જ અહીંયા ભોંયરામાં કામગીરી થઈ હતી. પરંતુ ગંદકીની કોઈ જ કામગીરી થઈ રહી નથી. તેથી લોકોને અહીંયા પાર્કીંગ માટે આવતા નાક બંધ કરીને આવવાનો વારો આવ્યો છે એટલી બધી દુર્ગંધ ફેલાઈ ગઈ છે.

# સતત ઘટી રહેલાં કૃષિ ઉત્પાદનની સમસ્યાના નિવારણ માટે પ્રાકૃતિક કૃષિ શ્રેષ્ઠ વિકલ્પ




ગાંધીનગર, તા.૧૨

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે મધ્યપ્રદેશના મુરૈના ખાતે યોજાયેલા કૃષિ મેળા-પ્રદર્શનમાં ઉપસ્થિત ચંબલ અને ગ્વાલિયર વિસ્તારના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સંદર્ભે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી માર્ગદર્શન આપ્યુ હતું. રાજ્યપાલશ્રીએ જણાવ્યુ હતું કે, ગ્લોબલ વોર્મિંગ, જમીનની ફળદ્રુપતામાં સતત થઈ રહેલો ઘટાડો અને ઘટી રહેલાં કૃષિ ઉત્પાદનની સમસ્યાના નિવારણ માટે પ્રાકૃતિક કૃષિ શ્રેષ્ઠ વિકલ્પ છે.

રાજ્યપાલશ્રીએ ગુરૂકુળ કુરુક્ષેત્રમાં કરવામાં આવી રહેલી પ્રાકૃતિક કૃષિના સ્વાનુભવને વર્ણાવતા જણાવ્યુ હતું કે, પ્રાકૃતિક કૃષિ જો પૂરી વિધિથી કરવામાં આવે તો ઉત્પાદન ઘટતું નથી. રાજ્યપાલશ્રીએ જણાવ્યુ હતું કે, આજે ગ્લોબલ વોર્મિંગની સમસ્યાથી વિશ્વ આખું ત્રસ્ત છે. ગ્લોબલ વોર્મિંગની સમસ્યા પાછળના કારણોમાં એક કારણ રાસાયનિક કૃષિ પણ છે. તેમણે જણાવ્યું હતું કે, રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અંધાધુંધ ઉપયોગથી જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે, જમીન બંજર બની જાય છે, જેના કારણે ઉત્પાદન દિન-પ્રતિદિન ઘટતું જાય છે અને કૃષિ ખર્ચ સતત વધતો જાય છે.

રાસાયણિક ખાતરો અને જંતુનાશકોથી દુષિત ખાદ્યાન્ન આરોગવાથી લોકો કેન્સર, ડાયાબિટિસ, હૃદયરોગ જેવા અસાધ્ય રોગનો ભોગ બની રહ્યા છે, આ સમસ્યાના ઉકેલ માટે પ્રાકૃતિક કૃષિને તેમણે શ્રેષ્ઠ વિકલ્પ ગણાવ્યો હતો.

# આજથી ફિઝિયોથેરાપી કોલેજ ખાતે ત્રિદિવસીય નિઃશુલ્ક કાયરોપ્રેક્ટિસ સારવાર કેમ્પ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ફરી એકવાર તા.૧૩મીથી ૧૫મી નવેમ્બર દરમ્યાન સેક્ટર-૧૨ ખાતેની સી.એમ.પટેલ ફિઝિયોથેરાપી કોલેજ ખાતે વિના મૂલ્યે કાયરોપ્રેક્ટિસ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે કાયરોપ્રેક્ટિક થેરાપી ગરદનનો દુખાવો, કમરની તકલીફ, માથાનો દુખાવો, માઈગ્રેન, સાંધાની ઈજાઓ, સ્નાયુપેશીઓની ઈજાઓ સહિતની પીડામાં રાહત અપાવતી સારવાર પદ્ધતિ હોવાનું માનવામાં આવે છે. કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ચંચળબેન મફતલાલ પટેલ ફિઝીયોથેરાપી કોલેજ અને USA સ્થિત લાઈફ કાયરોપ્રેક્ટિસ કોલેજ, વેસ્ટ યુનિવર્સીટી ના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૩ થી ૧૫ નવેમ્બર ૨૦૨૨ ત્રિદિવસીય ફ્રી કાયરોપ્રેક્ટિસ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આયોજિત કેમ્પનુ ઉદઘાટન તારીખ ૧૩-૧૧-૨૦૨૨ રવિવાર સવારે ૯ કલાકે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ પટેલ અને લાઈફ કાયરોપ્રેક્ટિસ કોલેજના પ્રેસિડેન્ટ ડૉ.રોન ઓબરસ્ટાઈન તથા ડીપાર્ટમેન્ટ ઓફ ઈન્ટરનેશનલ રીલેશનના ડાયરેક્ટર ડૉ. જીનલ જોષીના હસ્તે કરવામાં આવશે.